## ડિંડોલીમાં પ્રેમલગ્નના એક જ વર્ષમાં 19 વર્ષીય પરિણીતાનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં ડિંડોલી રામી પાર્કમાં રહેતા પ્રથમ ગાવડેના એક વર્ષ પહેલાં 19 વર્ષીય પુનમ સાથે પ્રેમલગ્ન થયા હતા. પ્રથમ સેલ્સમેન તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પુનમે મંગળવારે સવારે ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. જેની જાણ પ્રથમને થતા દરવાજો તોડી પુનમને ફાંસો ખાધેલી હાલતમાંથી નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

## રિક્ષામાં ફરવા નીકળેલા કાપોદ્રાના યુવકનું અચાનક બેભાન થયા બાદ મોત

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના ઇન્ડસ્ટ્રીયલની પાછળ ઝૂંપડપટ્ટીમાં રહેતા 25 વર્ષીય હીરાલાલ પ્રભુ નિષાદ કાપડ માર્કેટમાં કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેને અન્ય એક ભાઈ અને બે બહેન છે. હીરાલાલ સોમવારે બપોરે મિત્ર સાથે રિક્ષામાં બેસીને કોઈક જગ્યાએ ફરવા માટે જઈ રહ્યો હતો. દરમિયાન કાપોદ્રા ઉત્રાણ બ્રિજ ઉપર તે એકાએક રિક્ષામાં જ બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જ્યાં ફરજ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હીરાલાલનું મોત હાર્ટ અટેકથી થયું હોવાની શક્યતા છે. આ અંગે વધુ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

## સાયણ ચેકપોસ્ટ પર રસ્તા પર પડેલા ઝાડ સાથે રિક્ષા ભટકાતાં ચાલકનું મોત

સુરતઃ ડભોલીની સરદાર પટેલ નગર સોસાયટીમાં રહેતા 64 વર્ષીય ભરતભાઈ ધનસુખભાઈ મિસ્ત્રી રિક્ષા ચલાવી પરિવાર સાથે રહેતા હતા. તેમના પરિવારમાં પત્ની અને ત્રણ સંતાન છે. ભરતભાઈ 21 ઓગસ્ટને તેમની ઓટો રિક્ષા લઇને સાયણ ચેકપોસ્ટ પાસેથી ચાલુ વરસાદે પસાર થઈ રહ્યા હતા. દરમિયાન રોડ ઉપર ઝાડ પડ્યું હોવાથી તેમની રિક્ષાનો અકસ્માત થતા રિક્ષા પલટી મારી ગઈ હતી. ભરતભાઈને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલ બાદ નવી સિવિલ હોસ્પિટલ લવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે બપોરે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

## અંકલેશ્વરની યુવતીએ પાંડેસરામાં બહેનના ઘરે આપઘાત કર્યો

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશ પ્રયાગરાજના વતની અને હાલ પાંડેસરા શાંતિનગરમાં બહેનના ઘરે રહેવા આવેલી 24 વર્ષીય રશ્મી રામ બહાદુર સિંગને બે ભાઈ અને એક બહેન છે. રશ્મિ અંકલેશ્વરથી 1 મહિના પહેલા કિડનીમાં સોજો હોવાથી સુરત પાંડેસરા ખાતે બહેનના ઘરે સારવાર કરાવવા માટે આવી હતી. દરમિયાન રશ્મીએ સોમવારે બપોરે ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રશ્મીએ કિડનીની બીમારીથી કંટાળી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

# RBIના નિયમોનું પાલન નહીં કરવા બદલ સુરત પીપલ્સ બેંકને રૂ.18.30 લાખનો દંડ

**બેંકે** ચોક્કસ ઉધાર લેનારાઓ સંબંધિત ક્રેડિટ માહિતી સેન્ટ્રલ રિપોઝિટરી ઓફ ઇન્ફર્મેશન ઓન લાર્જ ક્રેડિટ્સને નિર્ધારિત સમયમર્યાદામાં ન આપ્યાનો RBIનો આરોપ

મુંબઈ, સુરતઃ RBIએ એક આદેશ દ્વારા ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, સુરત (બેંક) પર 'સેન્ટ્રલ રિપોઝિટરી ઓફ ઈન્ફોર્મેશન ઓન લાર્જ ક્રેડિટ્સને મોટા એક્સપોઝરની જાણ' પર નિર્દેશોનું પાલન ન કરવા બદલ રૂ.18.30 લાખનો નાણાકીય દંડ લાદ્યો છે. ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં RBI દ્વારા બેંકનું વૈધાનિક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

RBIના નિર્દેશોનું પાલન ન કરવાનાં સુપરવાઈઝરી તારણો, તેને લગતા પત્રવ્યવહારના આધારે, બેંકને એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેને કારણ દર્શાવવા માટે કહેવામાં આવ્યું હતું કે આ નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ તેને દંડ કેમ ન લાદવો જોઈએ. નોટિસના બેંકના જવાબ, તેના દ્વારા કરવામાં આવેલી વધારાની રજૂઆતો અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા પછી RBIએ અન્ય બાબતોની સાથે બેંક સામે આરોપો સાબિત થયા હતા, બેંકે CRILCને નિર્ધારિત સમયમર્યાદામાં રિપોર્ટ કરી ન હતી.

આ કાર્યવાહી નિયમનકારી પાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા પર ભાર મૂકવાનો નથી. વધુમાં આ નાણાકીય દંડ લાદવાથી ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંક સામે લેવામાં આવી શકે તેવી અન્ય કોઈપણ કાર્યવાહીને અસર થશે નહીં એમ રિઝર્વ બેન્કના ચીફ જનરલ મેનેજર પુનિત પંચોલીએ જણાવ્યું હતું.

# દિવ્ય વસુંધરાની જમીનના દસ્તાવેજોમાં છેડછાડ થયાનું પુરવાર, પોલીસે 11 સામે ગુનો નોંધ્યો

**દસ્તાવેજોમાં** ખોટી સહીઓ કરી નકશા ઉમેરાયા અને કોર્ટમાં દાવો પણ કરાયો હતો, FSL રિપોર્ટમાં ફોર્જરીનો ખુલાસો થતાં પોલીસ એક્શનમાં

**આરોપીઓની યાદી :** જયંતીલાલ નગીનભાઈ પટેલ (રહે., પટેલ ફળિયું, કતારગામ, સુરત), દોલતભાઈ નગીનભાઈ પટેલ (રહે., એજન), દિલીપકુમાર ગમનભાઈ પટેલ (રહે., સહયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ (હાલ રહે., અમેરિકા), મહેન્દ્રકુમાર છોટુભાઈ પટેલ રહેઃ સહયોગ સોસાયટી (હાલ રહે., કેનેડા), વિનોદભાઈ જયંતિલાલ પટેલ (રહે., પટેલ ફળિયું, કતારગામ), નીતાબેન વિનોદભાઈ પટેલ (રહે., એજન), હર્ષલ વિનોદભાઈ પટેલ (રહે., એજન), (હાલ રહે., અમેરિકા), દિપક જયંતિલાલ પટેલ (રહે., એજન)(હાલ રહે., અમેરિકા), લક્ષ્મીબેન દોલતભાઈ પટેલ (રહે., એજન), જનક દોલતભાઈ પટેલ (રહે., એજન (હાલ અમેરિકા), પંકજ દોલતભાઈ પટેલ (રહે., એજન (હાલ રહે., અમેરિકા)

સુરતઃ કતારગામની જમીન સંબંધિત દસ્તાવેજોમાં છેડછાડ કરી લાખો રૂપિયાનો લાભ લેવા 11 જણાંએ કાવતરું રચ્યાનું જણાતાં અઠવાલાઈન્સ પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે.

અઠવાલાઈન્સ મેરીયટ હોટલ પાસે શીવાંગી બંગલોમાં રહેતા 88 વર્ષીય જીવાભાઈ અંબાલાલ પટેલ દિવ્ય વસુંધરા ફાઈનાન્શિયલ પ્રાઈવેટ લિમિટેડમાં મેનેજીંગ ડિરેક્ટર છે. તેમની કંપનીએ 01/06/1972ના રોજ કતારગામ રેવન્યુ સર્વે નં.314 પૈકીની જમીન ખરીદી હતી.

જોકે, વેચાણ પક્ષે ઈન્કમટેક્સનું NOC નહીં આપતાં દસ્તાવેજોની નોંધણી પેન્ડિંગ રહી હતી. 1980માં ટાઉન પ્લાનિંગ સ્કીમ અમલમાં આવી ત્યારે 7/12ના ઉતારા થતા તેમને નોટિસો મળતાં જૂના માલિકો અને તેમના વારસદારોની દાનત બગડી હતી.

આરોપીઓએ દસ્તાવેજોમાં પેરા નં.17માં ખોટો સુધારો, ખોટી ટૂંકી સહીઓ તેમજ નકશાનું વધારાનું પાનું ઉમેર્યું હતું અને આ દસ્તાવેજો પછી કોર્ટમાં રજૂ કરી, ટાઉન પ્લાનિંગમાં પ્લોટ વળતર મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. 1983થી ચાલતા આ દાવાઓ અંતે 07/07/2022ના રોજ નામદાર કોર્ટે રદ કર્યા અને જીવાભાઈ પટેલની કંપનીના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.

ત્યારબાદ કંપનીએ પોલીસમાં અરજી કરતાં ચારેય અસલ દસ્તાવેજો FSL ગાંધીનગર મોકલાયા હતા. અહેવાલમાં દસ્તાવેજોમાં પેરા નં.17માં છેકછાક અને ખોટી સહીઓ કરાઈ હોવાનું સાબિત થયું હતું. જેથી પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ફેક વિઝા હેઠળ સંખ્યાબંધ લોકો યુરોપમાં ઘૂસ્યાની આશંકા

**આરોપી** પ્રતીક શાહ છ દિવસનાં રિમાન્ડ પર

સુરતઃ ફેક વિઝા બનાવવાના રેકેટમાં સંડોવાયેલા પ્રતીક શાહની ધરપકડ બાદ પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. પોલીસે તેને છ દિવસનાં રિમાન્ડ પર લીધો છે. જો કે, તપાસ એજન્સીઓએ 14 દિવસનાં રિમાન્ડની માંગ કરી હતી. આ કેસમાં પ્રતીક શાહના ઇન્ટરનેશનલ ગેંગ સાથેના સંબંધો, તેના નાણાકીય વ્યવહારો અને ફેક વિઝા સ્ટિકરોની સપ્લાયની ચોંકાવનારી હકીકતો સામે આવી છે.

પોલીસ સૂત્રો અનુસાર પ્રતીક શાહ દિલ્હી, ચંડીગઢ, પંજાબ અને હરિયાણાના એજન્ટોના નેટવર્ક સાથે જોડાયેલો હતો. જે યુકે, કેનેડા, મેસેડોનિયા, સર્બિયા, ચેકોસ્લોવાકિયા અને અન્ય યુરોપીયન દેશોના ફેક વિઝા સ્ટિકરોનું વેચાણ કરતું હતું. તેની પાસેથી પોલીસે પાંચ ફેક વિઝા સ્ટિકર જપ્ત કર્યાં છે, પરંતુ ગત દસ વર્ષમાં તેણે કુલ કેટલા વિઝા બનાવ્યા તેની ચોક્કસ માહિતી હજુ સુધી જાહેર થઈ નથી. જો કે, પોલીસનો દાવો છે કે તેણે આ સમયગાળામાં આશરે 700 મુસાફરને છેતર્યા છે. વધુમાં પોલીસને શંકા છે કે તેના ફેક વિઝા હેઠળ સંખ્યાબંધ લોકો અમેરિકામાં ગેરકાયદે ઘૂસ્યા હોઈ શકે છે.

### નકલી હોલોફાઈલ પેપર્સ, સ્ટિકર કબજે

યુરોપ દેશના મોટા પેપરઃ 46, કેનેડા દેશના મોટા પેપરઃ 73, યુરોપ દેશના નાના પેપરઃ 107, મેસેડોનિયા દેશના મોટા પેપરઃ 172, સર્બિયા દેશના મોટા પેપરઃ 243, યુકે દેશના મોટા પેપરઃ 42 અલગ-અલગ દેશોના વિઝા સ્ટિકરઃ 5, અલગ-અલગ દેશોના વિઝા સ્ટિકર કલર પ્રિન્ટઃ 8, ચેક રિપબ્લિક દેશના સ્ટેમ્પ સિક્કોઃ 1

### નાણાંકીય વ્યવહારો અને ગેંગ સાથેના સંબંધો

પ્રતીક શાહના નાણાકીય વ્યવહારોની વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી, પરંતુ પૂછપરછમાં તેણે જણાવ્યું કે, તે 10થી 15 લાખ રૂપિયામાં એક વિઝા અને એપ્રુવલ લેટર બનાવીને ક્લાયન્ટને આપતો હતો. તેના દ્વારા બનાવેલા ફેક વિઝા યુરોપ અને અમેરિકામાં અનેક વખત પાસ થયા હોવાનું પણ તેણે કબૂલ્યું છે. ઉપરાંત તેને વિઝા બનાવવાની ડિઝાઇનનું સંપૂર્ણ જ્ઞાન હોવાથી, તે ઇન્ટરનેશનલ લેવલે ફેક વિઝા સપ્લાય કરવાની શંકા પણ ઊભી થઈ છે. તે આ ગેંગો સાથે કેવી રીતે જોડાયો તે અંગેની તપાસ ચાલુ છે.

### એક વર્ષની શોધખોળ બાદ ધરપકડ

પોલીસે પ્રતીક શાહને પકડવા માટે એક વર્ષથી તપાસ ચલાવી હતી. ગત વર્ષે દિલ્હી પોલીસે આ કેસમાં પ્રતીક શાહની ધરપકડનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સમયે ઝડપાયો ન હતો. પોલીસે પ્રતીકના ભોગ બનેલા લોકોનો સંપર્ક કરી પુરાવા એકઠા કર્યા હતા. આ દરમિયાન જાણવા મળ્યું કે, પ્રતીક શાહ કુરિયર મારફત ફેક વિઝા સ્ટિકરો મોકલતો હતો. આખરે પોલીસે તેને કુરિયર શોપમાંથી જ ઝડપી લીધો હતો.

### ઇન્ટરનેશનલ ગેંગ સાથે સંબંધોની શંકા

પોલીસને શંકા છે કે, પ્રતીક શાહ એકથી વધુ ઇન્ટરનેશનલ ગેંગો સાથે જોડાયેલો છે. તેના દ્વારા બનાવેલા ફેક વિઝા સ્ટિકરોનું નેટવર્ક વિદેશોમાં ફેલાયેલું હોવાનું મનાય છે. પોલીસનું કહેવું છે કે શાહ એક હેબિચ્યુઅલ ઓફેન્ડર છે અને 2017થી તેની સામે 12 જેટલા ગુના નોંધાયેલા છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે અને પોલીસને આશા છે કે રિમાન્ડ દરમિયાન આ રેકેટના અન્ય મહત્ત્વના ખેલાડીઓની વિગતો પણ સામે આવશે.

### આરોપી પ્રતીક રીઢો, ઉમરામાં 9, વડોદરામાં 1 અને દિલ્હીમાં 2 ગુનામાં સંડોવણી

નકલી વિઝા રેકેટમાં ઝડપાયેલા પ્રતિક ઉર્ફે અભિજીત નિલેશભાઈ શાહનો કાળો ઇતિહાસ સામે આવ્યો છે. પોલીસે જણાવ્યું કે તે એક રીઢો ગુનેગાર છે અને અગાઉ પણ વિઝા કૌભાંડો સાથે સંકળાયેલો રહ્યો છે. તેના વિરુદ્ધ ઉમરા પોલીસ મથકમાં કુલ 9 ગુના, વડોદરા શહેરના ગોરવા પોલીસ મથકમાં 1 ગુનો તથા દિલ્હીના IGI એરપોર્ટમાં 2 ગુના નોંધાયેલા છે.

### 10 વર્ષમાં 700 નકલી વિઝા સ્ટિકર તૈયાર કર્યાં

પોલીસે ખુલાસો કર્યો છે કે પ્રતિક શાહે છેલ્લા દાયકામાં લગભગ 700 જેટલા નકલી વિઝા સ્ટિકર તૈયાર કર્યા છે. આ બોગસ સ્ટિકરના આધારે અનેક લોકોએ વિદેશનો રસ્તો શોધ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. એક સ્ટિકર તૈયાર કરવામાં આરોપી ખૂબ જ બારીકીથી કામ કરતો હતો અને તેને પૂરું કરવામાં લગભગ સાત દિવસનો સમય લાગી જતો હતો. પોલીસે આ નકલી સ્ટિકરના આધારે વિદેશ ગયેલા લોકોની તપાસ શરૂ કરી છે, આ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તપાસની જરૂરિયાત ઉભી થઈ છે.

### અસ્સલ લાગતા વિઝા સ્ટિકર અલ્ટ્રાવાયોલેટ કિરણમાં બોગસ જણાયાં

પોલીસે જણાવ્યું હતું કે પ્રતીક ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છે, ત્યારે તે ટેક્નોલોજીની મદદથી વિઝા માટેના બોગસ લોગો અલગ અલગ ગેંગને બનાવી આપતો હતો. તેની પાસેથી મળી આવેલા લોગો ઉપરથી જોઈએ તો અસ્સલ લાગતા હતા પણ જ્યારે અલ્ટ્રા વાયોલેટ કિરણો થકી જોયું તો ખ્યાલ આવ્યો કે આ લોગો બોગસ છે. પોલીસના જણાવ્યા મુજબ તે દેશમાં બોગસ વિઝા બનાવતી અલગ અલગ ગેંગના સંપર્કમાં હતો અને 15 હજારથી લઈને 45 હજાર રૂપિયા એક લોગો બનાવવાના બદલામાં લેતો હતો.।

# આમ આદમી પાર્ટીના દિનેશ ગોપાણીની એક લાખ ખંડણી માંગવાના પ્રકરણમાં ધરપકડ

**સોશિયલ** મીડિયા પર પરિવારની ટીકાખોરી બંધ કરવા દિનેશે યુવક પાસે ખંડણી માંગી હતી

સુરતઃ આમ આદમી પાર્ટીના દિનેશ ગોપાણી બાજીરાવ સિંઘમ નામે સોશિયલ મીડિયા પર યુવક અને તેના પરિવારની બદનામી કર્યા બાદ એ બંધ કરવા માટે એક લાખ રૂપિયાની ખંડણી માંગતાં લસકાણા પોલીસે તેની ધરપકડ કરી હતી.

સરથાણા, વાલક પાટિયા વિસ્તારમાં રહેતાં અજય દૂધાતના પિતાને સાથે એક યુવતી સાથે ફોન ઉપર માથાકૂટ થતાં તેમણે પોલીસમથકે અરજી આપી હતી. એ વખતે આ યુવતી સાથે દિનેશ ઉર્ફે બાજીરાવ સિંઘમ તેની સાથે આવ્યો હતો. પોલીસમથકમાં કરેલી અરજીને લઈ યુવકના પિતા અને યુવતીએ સમાધાન કરી લીધું હતું, પરંતુ દિનેશ ગોપાણીને વાંધો પડ્યો હતો. આ યુવકે ફેસબુક ઉપર એક વખત પોતે કોઈને ખંડણી આપવાનો નથી તેવી ટીપ્પણી બાદ દિનેશે તેના વિશે લખવાનું શરૂ કર્યું હતું. જેમાં યુવક, તેના પરિવારને લઈ પણ ઘસાતું લખવાનું શરૂ કર્યું હતું. આ લખવાનું બંધ કરવાનું કહેતાં એક લાખની ખંડણીની માંગણી કરી હતી. જે નહીં આપતાં તેણે ફેસબુક ઉપર અભદ્ર લખાણનો મારો ચલાવ્યો હતો. પોલીસ મથકમાં અરજીનું સમાધાન કર્યું તે વખતે પણ લસકાણા ચાર રસ્તા પાસે ખંડણી માંગવામાં આવી હોવાના આક્ષેપ સાથે યુવક ગત 28મીના રોજ લસકાણા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે દિનેશ વિરુદ્ધ ગુનો નોધી દિનેશભાઈ કાળુભાઈ ગોપાણી (ઉં.વ.36) (રહે.,સુંદર પાર્ક સોસાયટી, મૂળ-ભાવનગર)ની બાતમીના આધારે ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા સમયથી દિનેશ આમ આદમી પાર્ટી સાથે સંકડાયેલો છે.

# એક વિદ્યાર્થિની રોજ ઘરેથી કોલેજ જવા નીકળતી પરંતુ કોલેજ આવતી ન હતી

**નવયુગ** સાયન્સ કોલેજમાં વાલી-અધ્યાપક મંડળની વાર્ષિક મિટિંગમાં આચાર્યએ પ્રસંગ ટાંકી વાલીઓને સતર્ક રહેવા અપીલ કરી



સુરતઃ નવયુગ સાયન્સ કોલેજના ઓડિટોરિયમમાં રવિવારે વાલી-અધ્યાપક મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન થયું હતું. શાળાઓમાં સામાન્ય રીતે વાલી મીટીંગ યોજાય છે, પરંતુ કોલેજ સ્તરે આ પ્રકારનું આયોજન પહેલીવાર થતાં તેને વાલીઓ તરફથી સરાહનીય પ્રતિસાદ મળ્યો હતો.

આચાર્ય ડૉ. અશ્વિનભાઈ પટેલે પ્રવચનમાં વર્ષ ૨૦૦૫થી આજદિન સુધી મંડળે કરેલા કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી અને મંડળના સહયોગથી નિર્માણ પામેલા નવા ભવન અંગે અવગત કરાવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના નૈતિક મૂલ્યો પર ભાર મૂકતા વાલીઓને અવારનવાર સંતાનોની પ્રગતિ અંગે માહિતી મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્યએ એક પ્રસંગ ટાંકતા જણાવ્યું કે એક વિદ્યાર્થિની રોજ ઘરેથી કોલેજ જવા નીકળતી હતી, પરંતુ કોલેજ આવતી નહોતી. વાલી સાથે વાત કરતાં હકીકત સામે આવી કે તે ઘરેથી નીકળ્યા પછી કોલેજ જતી નહોતી. આવા અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે, વાલી મીટીંગથી કોલેજમાં વિદ્યાર્થીઓની હાજરી સુધરશે અને બંક કરવાની વૃત્તિમાં ઘટાડો થશે એવી આશા વ્યક્ત કરી હતી.

# સભામાં સવાલોના જવાબ મામલે વિપક્ષનું મેયર ઓફિસે 'હલ્લાબોલ'

**મેયર** ઓફિસની બહાર ભારે સુત્રોચ્ચારો સાથે રામધૂન બોલાવી, આખરે પોલીસે આવીને ટીંગાટોળી કરતાં મામલો થાળે પડ્યો

સુરતઃ મનપાની સામાન્ય સભામાં પ્રશ્નોતરી કાળમાં વિપક્ષના સભ્યોના સવાલોનો જવાબ નહી અપાતો હોવાના આક્ષેપ સાથે આજે વિપક્ષના આગેવાનો દ્વારા મેયરની ઓફિસની બહાર હલ્લાબોલ કર્યો હતો. વિપક્ષના હલ્લોબાલ વખતે જ મેયર આવતાં વિપક્ષના સભ્યોએ તેમનો ઘેરાવો કર્યો હતો અને બાદમાં મેયરએ ઓફિસમાં પહોંચી જઈને વિપક્ષને નહી બોલાવતા વિપક્ષના સભ્યો અને કાર્યકર્તાઓએ ઉગ્ર સૂત્રોચાર કરી ભારે ધમાલ મચાવી હતી. જેને પગલે આખરે મેયર ઓફિસ દ્વારા પોલીસ બોલાવવામાં આવતાં પી.આઈ તથા મહિલા પીએસઆઈ સાથે અન્ય પોલીસ કર્મચારીઓ મુગલીસરા પહોંચી ગયા હતા અને વિપક્ષી નેતા સહિતના કોર્પોરેટરો તેમજ અન્ય કાર્યકરોની અટકાયત કરી ટીંગાટોળી કરીને લઈ જતાં આખરે મામલો થાળે પડ્યો હતો.

### તમામ સવાલોના લેખિતમાં જવાબ આપવાની BMC એક્ટમાં સ્પષ્ટ જોગવાઈ નથીઃ શાસકો

મનપાના શાસકોએ જણાવ્યું હતું કે, સભા સંચાલનના નિયમ ૪૬(૮) મુજબ સેક્રેટરી એજન્ડા બહાર પાડે છે અને ૪૬(૯) મુજબ કમિશનર કે તેમના પ્રતિનિધિ દ્વારા ગૃહમાં જવાબ રજૂ કરવાનો હોય છે. પરંતુ, જો પ્રશ્નોના જવાબ ગૃહમાં ન આપવામાં આવે તો લેખિત જવાબ આપવો કે નહીં તે અંગે કાયદેસર સ્પષ્ટતા ઉપલબ્ધ નથી. તેથી મેયર પોતાની વિવેકબુદ્ધીથી નિર્ણય લેવા સ્વતંત્ર છે. જયારે વર્ષોથી ચાલતી પરંપરાગત પ્રક્રિયા પ્રમાણે તમામ પ્રશ્નોના લેખિત જવાબ મળતા આવ્યા છે.



### વિપક્ષની ધમાલ છતાં એક પૂર્વ વિવાદી પદાધિકારી મનપામાં હોવા છતાં પણ મેયર ઓફિસમાં નહીં ગયા

આજે વિપક્ષ આપ દ્વારા મેયર ઓફિસ સામે કરાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન તમામ ભાજપના કોર્પોરેટરો અને કમિટી અધ્યક્ષો મેયરના સમર્થનમાં મેયર ઓફિસ તરફ દોડી ગયા હતા. પરંતુ ભૂતકાળમાં જેણે જમીનોમાં અનેક સોપારીઓ લીધી હતી અને હાલમાં જ પોતાના મળતિયાને ખાનગી જગ્યાના બદલામાં મનપાનો સોનાની લગડી જેવો પ્લોટ અપાવવા ધમપછાડા કરનાર અને એક સમયે સ્થાયી સમિતીના સભ્ય નહીં હોવા છતાં તેની ફાઈલો વાંચવા માટે પહોંચી ગયેલા એક પૂર્વ પદાધિકારી એવા ભાજપના કોર્પોરેટર મેયર ઓફિસની આસપાસ હાજર હોવા છતાં મેયર ઓફિસમાં ગયા નહોતા. જેને પગલે ખુદ ભાજપમાં જ મોટી ચર્ચાઓ ચાલી હતી. આ મુદ્દે આગામી દિવસોમાં શહેર સંગઠન સુધી ફરિયાદ કરાય તેવી શકયતા છે.

### કોર્પોરેટરો ધામેલીયા અને પાંડવને વિપક્ષે ન કહેવા જેવા શબ્દો કહ્યા

મેયરની ગેરહાજરીમાં ભાજપના નગરસેવક નરેન્દ્ર પાંડવે વિપક્ષના સભ્યોની સામે જઈ 'મેયર ભાગેડું નથી' અને 'તમે મેયરની હાય હાય બોલાવી ખોટા બદનામ કરો છો' તેવું જણાવતા મામલો ગરમાયો હતો અને વિપક્ષના સભ્યોએ તેમને પણ ઘેરી લઈ ભારે સૂત્રોચાર કર્યા હતા. આ દરમિયાન ભાજપના નગર સેવક નરેશ ધામેલીયાએ 'તમે મેયર વિશે ખોટા અપમાનજનક શબ્દો બોલી રહ્યા છો' તેવું કહેતા વિપક્ષના સભ્યોએ તેમને ન કહેવા જેવા શબ્દો કહ્યા હતા.

### મેયર આવે તે પહેલા તેની ઓફિસ બહાર ઘેરાવ છતાં જાણ નહીં કરનાર ચીફ સિક્યુરિટી ઓફિસરની મેયરે ઝાટકણી કાઢી

આજે મેયર ઓફિસમાં આવે તે પહેલા પોણા પાંચ વાગ્યાથી વિપક્ષે તેની ઓફિસ બહાર બેનરો અને ધરણા સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. મેયર પાંચ વાગ્યે આવ્યા ત્યારે છેક ઓફિસ નજીક પહોંચ્યા તે સમયે તેમને વિપક્ષના વિરોધ પ્રદર્શનની જાણ થઇ હતી. જો કે ત્યાં સુધીમાં વિપક્ષે તેમને ઘેરી લીધા હતા. એટલે કે મેયરને સિક્યુરિટી સ્ટાફ કે તેમની ઓફિસમાંથી જાણ કરાઇ નહોતી. ઉપરાંત મેયર ઓફિસના દરવાજાને વિપક્ષી સભ્યો અને કાર્યકર્તાઓએ જોર જોરથી ખખડાવ્યા હતા. તેથી મેયર ચીફ સિક્યુરિટી અધિકારી જાગ્રત નાયક પર અકળાયા હતા અને 'તમે માત્ર મ્યુનિસિપલ કમિશનર માટે જ કામ કરો છો? આજ સુધીમાં કોઈ પણ સભ્ય મ્યુનિસિપલ કમિશનરના દરવાજાને ખખડાવી શક્યું નથી અને અહીં આ લોકો મારો દરવાજો ખખડાવી રહ્યા છે ત્યાં સુધી તમે લોકો શું કરતા હતા?' તેમ કહીને તેમની ઝાટકણી કાઢી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## ટી.એમ.પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્ટેટ તાઈક્વોન્ડો ટુર્નામેન્ટમાં મેડલો મેળવ્યા



સુરતઃ ટી.એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી આર્ય રવિ ઝવેરી (7C), હીતાંશ ચંકી ગીડવાણી (5C), દેવ ચિરાગ મકવાણા (5A), ધ્વનિલ જૈમિન પટેલ (5C), જશરાજ મેહુલ બંદરિયા (4B)એ ગોલ્ડ મેડલ, સાત્વિક જીતેન્દ્રકુમાર પટેલ (8A), એરીન રાકેશભાઈ પટેલ (5A), કેયાન અવિનાશભાઈ પટેલ (5C), વિવાન વિવેક ભુરા (4A), રુચિત નંદલાલ અગ્રવાલ (2C), દેવાંશ મયુર કાંતલીવાલા (2B)એ સિલ્વર મેડલ તેમજ ગરવિત અનિલ બાગરા (8A), પ્રિયાન ભાવિનકુમાર પટેલ (5B), કેયાન અવિનાશભાઈ પટેલ (5C), દ્રવ્ય વિરેન દોશી (5C), રિધમ પ્રશાંત ધાંધરિયા (5C), વંશિકા વિનિત દધીચ (5A), કેયાન ચેતન જરીવાલા (4B), રેયાંશ રવિ જરીવાલા (3B)એ બિલીમોરા ખાતે આયોજીત 10મી ઓપન ગુજરાત સ્ટેટ તાઈક્વોન્ડો ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. સાથે સાથે કેયાન અવિનાશભાઈ પટેલ (5C)એ પૂમસે મેડલ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓને સ્કૂલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સુરતમાં 13મી ગુજરાત સ્ટેટ કુડો ટુર્નામેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ




સુરતના પંડિત દિન્દયાળ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ૧૩મું ગુજરાત સ્ટેટ કુડો ટુર્નામેન્ટનું સમાપન થયું છે. ગુજરાત કુડો સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા યોજાયેલી આ રાજ્યસ્તરીય સ્પર્ધામાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી કુલ 511 ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું માર્ગદર્શન રેન્શી વિસ્પી ખરાડી (હેડ કોચ - ઇન્ડિયા,17 વખતના ગિનેસ વર્લ્ડ રેકોર્ડ ધારક) દ્વારા આપવામાં આવ્યું હતું. ખેલાડીઓએ પોતાની કુશળતા દ્વારા પ્રેક્ષકોને પ્રભાવિત કર્યા હતા. સમાપન સમારોહમાં આઈ.પી.એસ. પ્રેમવીરસિંગ (આઈ.જી.-સુરત) મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમના સાથે ધર્મેન્દ્ર સાવણી તથા હેમંત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ અવસર પર હાંશી મહુલ વોરા (ડિરેક્ટર - કુડો ઇન્ટરનેશનલ ફેડરેશન જાપાન, પ્રમુખ - કુડો સાઉથ એશિયા, સચિવ - કુડો એશિયા),ગુજરાત કુડો સ્પોર્ટ્સ એસોસિએશનના કાર્યકારી મંડળમાં પ્રમુખ - ગુલામ માલેક, સચિવ - ફરજાના ખરાડી અને ખજાનચી - પ્રજેશ દેશમુખ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ટ્રી ગણેશા અને વિરલ દેસાઈને આંતરરાષ્ટ્રીય ઓળખ, એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન



સુરત : સુરતના પર્યાવરણપ્રેમી વિરલ દેસાઈ દ્વારા પાછલા આઠ વર્ષથી ઉજવાતો 'ટ્રી ગણેશા' મહોત્સવ એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામ્યો છે. આ ઈવેન્ટને એશિયા બુક દ્વારા વિશ્વની એકમાત્ર ધાર્મિક-સાંસ્કૃતિક ઈવેન્ટ તરીકે ઓળખવામાં આવી છે, જે સંપૂર્ણપણે પર્યાવરણ સંરક્ષણ પર કેન્દ્રિત છે અને જેમાં લાખો યુવાનોની સહભાગિતા જોવા મળી છે. 'ટ્રી ગણેશા'માં 'સત્યાગ્રહ અગેઈન્સ્ટ પોલ્યુશન એન્ડ ક્લાયમેટચેન્જ' ચળવળ અંતર્ગત દેસાઈએ પાછલા આઠ વર્ષોમાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને 'પર્યાવરણ સેનાની' તરીકે તૈયાર કર્યા છે. વિરલ દેસાઈએ જણાવ્યું, "ટ્રી ગણેશા એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ એક એવી ચળવળ છે જે યુવા પેઢીને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરીને આપણા ગ્રહનું ભવિષ્ય સુરક્ષિત કરવાનો પ્રયાસ કરે છે."

## જાણીતા ગાયક મુકેશને તેમનાં ગીતો દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ ગત તા.27મી ઓગષ્ટના રોજ જીવનભારતી રંગભવનમાં જાણીતા ગાયક મુકેશજીની પૂણ્યતિથીએ તેમને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વોઈસ ઓફ મુકેશથી જાણીતા મનહર ચૌહાણ, મિનેશ જૈન, ભદ્રેશ પટેલ, નિલેશ વાઘ, મનીષ ચાવડા, નરેશ અગ્રવાલ, મુકેશ ગાંધી, દીપક પટેલ, ડો.પારુલ દેસાઈ, જીગીશા ખેરડીયા તૃષ્ણા રામવાળા, વિશ્વા ચાવડા, ચારુ શર્મા સહિતના કલાકારો દ્વારા મુકેશજીના ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. ફારૂક કુરેશીએ મુકેશજીના પ્રસંગો રજૂ કર્યા હતા. જ્યારે ભદ્રેશ પટેલે ગુજરાતી ગીત 'તને જાતાં જોઈ...' રજૂ કરતાં બહેનો દ્વારા ગરબા રમવામાં આવ્યા હતા. 89 વર્ષના સુરતના સિંગર ગીતાબેન ચોક્સી કાર્યક્રમના અંત સુધી હાજર રહ્યા હતા.

## સુરતના પરિમલ વ્યાસનું લાયન્સ ઈન્ટરનેશનલ તરફથી સન્માન કરવામાં આવ્યું

સુરતઃ સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર ખાતે વહીવટી અધિકારી તરીકે સેવા આપતા તથા અનેક શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા સિવિલ ઈજનેર પરિમલ વ્યાસને સમાજોપયોગી સેવાકાર્યો બદલ લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ એફ તરફથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પરિમલ વ્યાસે થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ લાવવા, સ્ટેમસેલ જેવી ભવિષ્યની ક્રાંતિકારી શોધ વિષયક માર્ગદર્શન આપવા, સ્વૈચ્છિક રકતદાન શિબિરો, સેમિનારો અને પ્રવચનો દ્વારા સમાજ સેવા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આ કામગીરી બદલ તેમને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યું હતું. સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર આશરે ૩૦૦થી વધુ થેલેસેમિયા પીડિત બાળકોને વર્ષોથી નિયમિત રીતે નેટ-ટેસ્ટેડ ગુણવત્તાવાળું રક્ત તથા રકતઘટકો પૂરાં પાડે છે. કેન્દ્રના ટ્રસ્ટીઓ, મેનેજિંગ કમિટીના સભ્યો, ડિરેક્ટર તથા સ્ટાફે પરિમલ વ્યાસને આ વિશેષ સન્માન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## SVNITની ફ્રેંચ વિઝિટિંગ લેક્ચરર સ્મૃતિ સ્વરૂપને પીએચ.ડી. પદવી મળી



સુરતઃ એસ.વી.એન.આઈ.ટી ખાતે ફ્રેંચના વિઝિટિંગ લેક્ચરર તરીકે સેવા આપતા શિક્ષક સ્મૃતિ સ્વરૂપને તેમના મહાશોધ નિબંધ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેઓએ ''અ કંપેરેટિવ સ્ટડીઃ નોવેલ્સ ઓફ કનૈયાલાલ મુનશી એન્ડ એલેક્ઝાંડર ડૂમા (સિલેક્ટેડ)'' વિષય પર તુલનાત્મક સાહિત્યનો મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો. આ સંશોધનકૃતિનું માર્ગદર્શન યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ વડા અને પ્રોફેસર ડો. શરીફા વીજળીવાળાએ આપ્યું હતું.

## ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ટેક્વેંડોમાં વિજેતા



સુરતઃ સુરતના જહાંગીરાબાદ સ્થિત ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ટેક્વેંડોની SGFI ડિસ્ટ્રીક્ટ, 10th ઓપન ગુજરાત સ્ટેટ અને અસ્મિતા જેવી વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમ મેળવી મેડલ જીત્યા હતા. વિદ્યાર્થીઓના આ ગૌરવભેર પ્રદર્શન માટે શાળાના પ્રમુખ રામજીભાઇ માંગુકિયા, ઉપપ્રમુખ જિગ્નેશભાઇ માંગુકિયા, મેનેજિંગ ડિરેક્ટર કિશનભાઇ માંગુકિયા, કેમ્પસ ડિરેક્ટર તથા પ્રિન્સિપાલે વિજેતા વિદ્યાર્થીઓ અને તેમના કોચને શુભકામનાઓ પાઠવી હતી.